વન કર્મીઓએ રાત્રિના સમયે પેટ્રોલિંગ વધારી દીધુ, ગ્રામજનોને રાત્રે ઘરની બહાર ન નીકળવા અપીલ

નિવૃત્ત ફોરેસ્ટરના ઘરમાં દીપડો ઘૂસ્યો

દીપડો ઘૂસી જતા પરિવાર સ્તબ્ધ થઈ ગયો, હુમલો ન કરતાં બચાવ

બીજી ઘટનામાં ડાંગ જિલ્લાનાં વઘઇનાં લહાનમાંળુગામાં આતંક મચાવનાર દીપડી પાંજરે પુરાઈ

પશુપાલક પર હુમલો કરનાર આ જ દીપડી છે કે અન્ય કોઈ દીપડો, તે બાબતે હજુ તપાસ ચાલુ

ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાના દક્ષિણ વન વિભાગ હેઠળ આવતા શામગહાન રેન્જમાં છેલ્લા કેટલાક સમયથી દીપડાના હુમલાની ઘટનાઓને પગલે ભયનો માહોલ જોવા મળી રહ્યો હતો. આ દરમિયાન લહાનમાંળુગા ગામે પશુપાલક પર થયેલા જીવલેણ હુમલા બાદ વન વિભાગે ત્વરિત કાર્યવાહી કરતા એક દીપડીને પાંજરે પૂરવામાં સફળતા મેળવી છે. અંદાજે બે-ત્રણ દિવસ પૂર્વે લહાનમાંળુગા ગામમાં પશુપાલક જ્યારે પોતાના પશુઓ સાથે હતો ત્યારે અચાનક દીપડાએ તેના પર હુમલો કર્યો હતો. આ ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ, દક્ષિણ ડાંગ વન વિભાગના ડી.સી.એફ. નિરજકુમારના સીધા માર્ગદર્શન હેઠળ શામગહાન રેન્જના આર.એફ.ઓ. ચિરાગભાઈ માછી અને તેમની ટીમે વ્યૂહાત્મક રીતે પાંજરા ગોઠવ્યા હતા. રાત્રિના અરસામાં, ખોરાકની શોધમાં નીકળેલી અંદાજીત દોઢ વર્ષની માદા દીપડી પાંજરામાં કેદ થઈ ગઈ હતી. જોકે, વન વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, પશુપાલક પર હુમલો કરનાર આ જ દીપડી છે કે અન્ય કોઈ દીપડો, તે બાબતે હજુ તપાસ ચાલી રહી છે. લહાનમાંળુગાની ઘટનાની સાથોસાથ બાજુમાં આવેલા હુંબાપાડા ગામે પણ એક ચોંકાવનારી ઘટના બની હતી. અહીં એક નિવૃત્ત ફોરેસ્ટરના ઘરમાં ગતરોજ એક કદાવર દીપડો ઘૂસી ગયો હતો. ઘરમાં દીપડો જોઈ પરિવાર સ્તબ્ધ થઈ ગયો હતો, પરંતુ સદનસીબે દીપડાએ કોઈ પણ સભ્ય પર હુમલો કર્યો ન હતો અને કોઈ જાનહાનિ થઈ ન હતી. એક તરફ દીપડી પાંજરે પુરાઈ છે, તો બીજી તરફ અન્ય વિસ્તારોમાં પણ દીપડાની અવરજવર દેખાતા વન વિભાગ હજુ પણ એલર્ટ મોડ પર છે. શામગહાન રેન્જનાં આર.એફ.ઓ ચિરાગભાઈ માછી દ્વારા હુંબાપાડા અને લહાનમાંળુગા બંને ગામોમાં વધારાના પાંજરા ગોઠવવામાં આવ્યા છે. વન કર્મીઓ દ્વારા રાત્રિના સમયે ગ્રામ્ય વિસ્તારોમાં પેટ્રોલિંગ વધારી દેવામાં આવ્યું છે. ગ્રામજનોને રાત્રિના સમયે ઘરની બહાર ન નીકળવા અને પશુઓની સુરક્ષા માટે સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે.

દીપડીની ગર્જના, ઘુરકીયા સાંભળી, લોકો અચંબિત બન્યા

કેરસી બારીયા

બીલીમોરા : ગણદેવીનાં વલોટી ગામે કઢાણીયા વિસ્તારમાં વન વિભાગે બે દિવસ અગાઉ પાંજરૂ ગોઠવ્યું હતું. જેમાં શનિવારે મળસ્કે સાડા પાંચ કલાકે ૪ વર્ષની કદાવર દીપડીને પાંજરે પુરાઇ હતી. દીપડીને જોવા આસપાસના લોકો ઉમટી પડ્યા હતા. ગણદેવી તાલુકો બાગાયતી વિસ્તાર છે. જે વન્ય જીવોને ખૂબ અનુકૂળ આવી ગયું છે. વલોટી ગામના કઢાણીયા વિસ્તારમાં વનવિભાગે દેશી મરઘાનું મારણ મુકી પાંજરૂ ગોઠવ્યું હતું. જેમાં શનિવારે મળસ્કે સાડા પાંચ કલાકે કદાવર દીપડી પાંજરે પુરાઈ હતી. દીપડીની ગર્જના, ઘુરકીયા સાંભળી, લોકો અચંબિત બન્યા હતા. ૪ વર્ષની આયુ ધરાવતી કદાવર દીપડીએ પાંજરામાંથી નીકળવા ભારે ઉત્પાત મચાવ્યો હતો. જેની જાણ વનવિભાગને કરતા ગણદેવીમાં રેન્જ ફોરેસ્ટર છાયા પટેલ, અંકિતા પટેલની ટીમ ત્વરિત ઘટનાસ્થળે દોડી આવી હતી. દીપડીને ચાર કીમી દૂર એંધલ વન ડેપો ઉપર લઇ જવાઈ હતી. દીપડીનાં મેડીકલ પરિક્ષણ બાદ મોડી રાત્રે ડાંગ તરફના જંગલોમાં છોડવાની તજવીજ હાથ ધરાશે. દેશી મરઘો વન વિભાગ માટે શુકનવંતો સાબિત થયો હતો. ગણદેવી તાલુકાનાં વલોટી, તલોધ, ધકવાડા, અંભેટા, પાટી, આંતલીયા જેવા અનેક ગામોમાં વન વિભાગને હંફાવતી દીપડી અંતે પાંજરે પુરાતાં લોકો અને વનવિભાગે હાશકારો અનુભવ્યો હતો. શિયાળાની ઋતુમાં સવાર સાંજ વોકિંગ માટે નીકળતા લોકોએ મોટી રાહત અનુભવી છે.

હરણી તળાવમાં થયેલી ગોઝારી હોનારત બાદ સાપુતારા નૌકાવિહારને દોઢ વર્ષ સુધી બંધ રાખવામાં આવ્યું હતું

સર્પગંગા તળાવમાં પ્રવાસીઓની જોખમી મસ્તીનો વિડીયો વાયરલ

બોટમાં ચાલવું, એક બાજુ વજન વધારવું અને અસંતુલન ઊભું કરવું જેવી હરકતો છતાં રોકનાર કોઈ નહીં

ગિરીશ ભોયે

સાપુતારા : સાપુતારા ફરી એકવાર વિવાદોમાં આવ્યું છે. પ્રકૃતિના ખોળે વિહાર કરવા આવતા પ્રવાસીઓની સુરક્ષાને લઈને ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. હાલમાં સોશિયલ મીડિયા પર સાપુતારાના સર્પગંગા તળાવનો એક વિડીયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં પ્રવાસીઓ નૌકાવિહાર દરમિયાન અત્યંત જોખમી રીતે મસ્તી કરતા જોવા મળી રહ્યા છે. વાયરલ વિડીયોમાં સ્પષ્ટ જોવા મળે છે કે, તળાવની વચ્ચોવચ બોટમાં સવાર પ્રવાસીઓ પોતાની અને અન્યોની જિંદગી જોખમમાં મૂકીને મસ્તી કરી રહ્યા છે. બોટની અંદર ઊભા થઈને ચાલવું અને અસંતુલન ઊભું કરવું જેવી હરકતો છતાં તેઓને રોકનાર ત્યાં કોઈ જ હાજર નહોતુ. બોટિંગ સંચાલકો દ્વારા સુરક્ષાના નીતિ-નિયમોનું સરેઆમ ઉલ્લંઘન થતું જોવા મળી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, વડોદરાના હરણી તળાવમાં થયેલી ગોઝારી હોનારત બાદ સાપુતારા નૌકાવિહારને સુરક્ષાના કારણોસર દોઢ વર્ષ સુધી બંધ રાખવામાં આવ્યું હતું. લાંબી રાહ જોયા બાદ જ્યારે આ સુવિધા ફરી શરૂ થઈ છે, ત્યારે સંચાલકો માત્ર કમાણીની લ્હાયમાં પ્રવાસીઓની સુરક્ષાને નેવે મૂકી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. હરણી જેવી દુર્ઘટના ફરી ન ઘટે તેની તકેદારી રાખવાને બદલે અહીં બેદરકારી જોવા મળી છે.

સુરક્ષાના સાધનો અને લાઈફ જેકેટનો ઉપયોગ થાય છે કે કેમ તેની તપાસ જરૂરી

સુરક્ષાના સાધનો અને લાઈફ જેકેટનો યોગ્ય ઉપયોગ થાય છે કે કેમ તેની તપાસ કેમ નથી થતી? સર્પગંગા તળાવમાં જે રીતે નિયમોના ધજાગરા ઉડી રહ્યા છે, તેને જોતા પ્રવાસીઓ અને સ્થાનિકોમાં ફાળ પડી છે. ત્યારે સાપુતારામાં બોટિંગ સંચાલકો સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને પ્રત્યેક બોટમાં સુરક્ષા ગાર્ડ અથવા સતત મોનિટરિંગની વ્યવસ્થા કરવામાં આવે જેથી પ્રવાસીઓ આવી જોખમી હરકતો ન કરે તે પણ જરૂરી બન્યું છે.

નવસારી નેશનલ હાઈવે નં. 48 પર વહેલી સવારે એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો

બસ-કન્ટેનર અકસ્માતમાં 10થી વધુને ઈજા

બુલેટ ટ્રેન પ્રોજેક્ટના મજૂરોને લઈ જતી બસને ઓવરટેક દરમિયાન કન્ટેનરની ટક્કર, ચાલક ફરાર

નવસારી : નવસારી નેશનલ હાઈવે નં. 48 પર વહેલી સવારે બુલેટ ટ્રેન પ્રોજેક્ટના મજૂરોને લઈ જતી બસ અને એક કન્ટેનર વચ્ચે જોરદાર ટક્કર થતાં 10થી વધુ શ્રમિકોને ઈજાઓ પહોંચી હતી.

મજૂરોને લઈ જતી બસ હાઈવે પરથી પસાર થઈ રહી હતી તે દરમિયાન કન્ટેનર ચાલકે બેફામ ગતિએ ઓવરટેક કરવાનો પ્રયાસ કર્યો હતો. ઓવરટેક કરતી વખતે કન્ટેનરના પાછળના ભાગે બસ સાથે ધડાકાભેર અથડામણ થઈ હતી, જેના કારણે અકસ્માત સર્જાયો હતો. ટક્કર એટલી જોરદાર હતી કે બસમાં બેઠેલા મુસાફરોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક લોકો અને રાહદારીઓ મદદ માટે દોડી આવ્યા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે નવસારીની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. હાલ તમામની સારવાર ચાલી રહી છે, જેમાંથી અમુકની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

ઘટનાની જાણ થતાં નવસારી ગ્રામ્ય પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. અકસ્માત બાદ કન્ટેનર ચાલક વાહન મૂકીને અથવા વાહન સાથે ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હોવાનું જણાવાયું છે. પોલીસે અજાણ્યા કન્ટેનર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરી છે.

આ અકસ્માતને કારણે હાઈવે પર કિલોમીટરો સુધી ટ્રાફિકજામ સર્જાયો હતો. પોલીસે ટ્રાફિક હળવો કરી વાહનોને ડાયવર્ટ કરીને સ્થિતિ નિયંત્રણમાં લાવવાની કામગીરી હાથ ધરી હતી.

ચાલકને ઝોકું આવી જતાં કાર ઝાડ સાથે ભટકાઈ

સાપુતારા : આજે વહેલી સવારે આશરે 5:00 વાગ્યાના અરસામાં MH-15-KK-6523 નંબરની સફેદ રંગની વેગનઆર કાર નવાપુર તરફથી આહવા આવી રહી હતી. આહવા નવાપુર ફોરેસ્ટ ચેકપોસ્ટ પાસે પહોંચતા જ ચાલકને અચાનક ઝોકું આવી ગયુ હતુ. જેના કારણે કાર પરનો કાબૂ ગુમાવતા કાર સીધી રોડની સાઈડમાં આવેલા એક મોટા ઝાડ સાથે અથડાઈ હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે કારના આગળના ભાગનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. ઘટનાની જાણ થતા જ ચેકપોસ્ટ પર તૈનાત કર્મચારીઓ અને આસપાસના લોકો દોડી આવ્યા હતા. એક મુસાફરને વધુ ગંભીર ઈજાઓ થતા તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે વધુ સારવાર માટે વલસાડ રિફર કરવામાં આવ્યો છે.

વહેલી સવારના સમયે ડ્રાઈવિંગ દરમિયાન પૂરતી ઊંઘ ન લેવાને કારણે કે થાકને લીધે આવતા 'ઝોકા' જીવલેણ સાબિત થઈ શકે છે.

ટેકનિકલ કામગીરીને લઈને ભીલાડ રેલવે ફાટક નંબર 74 બંધ

ઉમેશ સોલંકી

ઉમરગામ : રોડ મરામત અને ટેક્નિકલ કામગીરીને લઈને ભીલાડ રેલવે ફાટક ગેટ નંબર 74 તારીખ 3-1-2026 થી તારીખ 7-1- 2026 સુધી પાંચ દિવસ માટે બંધ રહેશે. તેવી સત્તાવાર જાહેરાત રેલવે વિભાગ દ્વારા કરવામાં આવી છે. ઉમરગામ સરીગામમાં મોટા પ્રમાણમાં ઉદ્યોગો આવેલા છે. જેના કારણે આ ભીલાડ રેલવે ફાટક સૌથી વ્યસ્ત રેલવે ફાટક છે. પાંચ દિવસ રેલવે ગેટ ફાટક બંધ રહેવાના કારણે વાહન ચાલકોને ભારે હાલાકી વેઠવી પડશે. મલાવ માર્ગ તથા સંજાણ આમગામ રોડ થઈને મોટાભાગના વાહનોએ આવવું જવું પડશે અને લાંબો ચકરાવો મારવો પડશે. જેના કારણે આ માર્ગ ઉપર ટ્રાફિકમાં વધારો જોવા મળશે.

મુંબઈ સાથે સાપુતારાને જોડતી બસ સેવાનો અભાવ

મુંબઈ-વલસાડ થઈ સાપુતારા એસટી સેવા શરૂ કરવા માટે પ્રવાસીઓ અને સ્થાનિકોની સરકાર સમક્ષ તાત્કાલિક માંગ

વલસાડ રેલવે જંક્શનથી પણ સાપુતારા માટે નિયમિત બસ સેવા નથી

સાપુતારા : ગુજરાતનું એકમાત્ર હિલસ્ટેશન તરીકે ઓળખાતુ સાપુતારા આજે પણ પૂરતી જાહેર પરિવહન સુવિધાઓથી વંચિત રહી જવા પામ્યુ છે. ખાસ કરીને દેશની આર્થિક રાજધાની મુંબઈ સાથે સાપુતારાને જોડતી કોઈ સીધી રાજ્ય પરિવહન (એસટી) બસ સેવા ઉપલબ્ધ ન હોવાને કારણે પ્રવાસીઓ તથા સ્થાનિક મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. મુંબઈથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ સાપુતારા ખાતે ફરવા માટે આવવા ઈચ્છે છે, પરંતુ સીધી બસ સેવા ન હોવાથી તેમને ટ્રેન મારફતે વલસાડ આવી પછી ખાનગી વાહન કે મર્યાદિત અને અનિયમિત સાધનો પર નિર્ભર રહેવુ પડે છે. વલસાડ જેવા મહત્વના રેલવે જંક્શનથી પણ સાપુતારા માટે નિયમિત સીધી એસટી બસ સેવા ન હોવી આશ્ચર્યજનક બાબત બની છે. પરિણામે, પ્રવાસન ઉદ્યોગ પર તેની સીધી અસર પડી રહી છે. હોટલ વ્યવસાય, સ્થાનિક વેપારીઓ, માર્ગદર્શકો અને રોજગાર સાથે સંકળાયેલા અનેક લોકોને આ પરિસ્થિતિને કારણે નુકસાન વેઠવુ પડી રહ્યુ છે. રાજ્ય સરકાર દ્વારા સાપુતારા વિકાસ માટે વિવિધ યોજનાઓ ઘોષિત કરવામાં આવી છે, પરંતુ મૂળભૂત પરિવહન સુવિધાઓના અભાવે વિકાસની ગતિ ધીમી પડી હોવાનું પ્રવાસીઓનો આક્ષેપ છે. પ્રવાસીઓ તથા સ્થાનિક રહેવાસીઓ દ્વારા માંગ ઉઠાવવામાં આવી છે કે મુંબઈથી સાપુતારા માટે સીધી એસટી બસ સેવા તેમજ વલસાડ-સાપુતારા વચ્ચે નિયમિત અને પૂરતી બસ વ્યવસ્થા તાત્કાલિક શરૂ કરવામાં આવે. જો સરકાર આ દિશામાં સકારાત્મક નિર્ણય લે તો સાપુતારા પ્રવાસનને નવી ઊંચાઈ મળશે તેમજ ગુજરાતના એકમાત્ર હિલસ્ટેશનને સાચો ન્યાય મળશે એવી મજબૂત લાગણી લોકોમાં જોવા મળી રહી છે.

દારૂડિયા પતિથી કંટાળી ગર્ભવતી પત્નીએ ગળું દબાવી હત્યા કરી

ખેરગામમાં કૌટુંબિક કંકાસનો કરૂણ અંત

દારૂની લત અને રોજિંદા ઝઘડાથી દંપતી વચ્ચે અણબનાવ, પતિ ગમતો ન હતો

ખેરગામ : ખેરગામમાં દારૂડિયા પતિથી કંટાળી ગર્ભવતી પત્નીએ ઓઢણી વડે ગળું દબાવી હત્યા કરી હોવાનો મામલો પ્રકાશમાં આવ્યો છે. ખેરગામના પોમાપાળ ફળિયામાં રહેતા આશિષભાઈ પટેલ અબ્રામાની કંપનીમાં નોકરી કરતા હતા. તેમના લગ્ન લાકડમાળની સંજના સાથે થયા હતા. લગ્નજીવનના થોડા સમય બાદ આશિષભાઈને દારૂની લત લાગી ગઈ હતી. પતિ દારૂ પીને ઘરે આવતા દંપતી વચ્ચે ઝઘડા થતા હતા. આ રોજિંદા ક્લેશથી કંટાળી સંજનાબેન છૂટાછેડા લેવા માંગતા હતા, પરંતુ આશિષભાઈ તૈયાર નહોતા.

બનાવના દિવસે આશિષભાઈ નાઈટ શિફ્ટ પૂરી કરી સવારે ઘરે આવ્યા હતા. બપોરે જ્યારે પરિવારના સભ્યો મજૂરી કામે ગયા હતા, ત્યારે પતિ-પત્ની વચ્ચે ફરી ઉગ્ર બોલાચાલી થઈ હતી. વારંવાર સુધરવાની સલાહ આપવા છતાં આશિષભાઈ ન માનતા મામલો બિચક્યો હતો. પત્નીએ છૂટાછેડાની માંગણી કરતા ઝઘડો હિંસક બન્યો અને બંને વચ્ચે શારીરિક ખેંચતાણ થઈ હતી. આવેશમાં આવી ગયેલી સાત માસની ગર્ભવતી પત્નીએ પહેલા પતિના ગળાના ભાગે નખ મારી ઈજા પહોંચાડી હતી અને ત્યારબાદ પલંગ પર પડેલી ઓઢણી વડે પતિનું ગળું જોરથી દબાવી દીધું હતું.

ગળું દબાવવાને કારણે શ્વાસ રૂંધાવાથી આશિષભાઈ જમીન પર ઢળી પડ્યા હતા. ઘટનાની જાણ થતા જ કુટુંબીજનોએ તેમના પિતાને બોલાવી આશિષભાઈને તાત્કાલિક ખેરગામ રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા. જોકે, ત્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કરતા પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. આ સમગ્ર મામલે મૃતકના પિતા રમણભાઈ પટેલે ખેરગામ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની તપાસ હાથ ધરી છે.

વાંસદામાં ડુપ્લિકેટ ડ્રાઇવિંગ લાઈસન્સ કૌભાંડનો પર્દાફાશ

એસ.ઓ.જી.એ ૫૯ નકલી લાઈસન્સ સાથે એકને ઝડપી લીધો

નવસારી, વાંસદા : નવસારી જિલ્લામાં ડુપ્લિકેટ ડ્રાઇવિંગ લાયસન્સ બનાવી છેતરપિંડી કરતા એક ઇસમને કુલ ૫૯ નકલી લાયસન્સ સાથે નવસારી એસ.ઓ.જી. ઝડપી પાડ્યો છે.

વાંસદાના રાણી ફળિયા ખાતે રોડ પરથી જીગર પટેલ (રહેવાસી: વેલણપુર નિશાળ ફળિયા, તા. ચીખલી)ને ઝડપી આરોપી પાસેની બેગમાંથી ૫૯ લાયસન્સ મળી આવ્યા હતા. આ મામલે આર.ટી.ઓ. નવસારીથી તપાસ કરતાં બહાર આવ્યું હતું કે આમાંથી કુલ ૩૬ લાયસન્સ નકલી છે.

તપાસમાં ખુલ્યું હતું કે આવા નકલી લાયસન્સ માટે આરોપી એક ગ્રાહક પાસેથી રૂપિયા ૪,૦૦૦ થી ૪,૫૦૦ સુધીની રકમ વસૂલ કરતો હોવાનું પણ તપાસમાં સામે આવ્યું છે.

આ સમગ્ર મામલે વાંસદા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે.

પોલીસે આરોપી પાસેથી કુલ ૫૯ લાયસન્સ તેમજ અંદાજે રૂપિયા ૫,૦૦૦ કિંમતનો મોબાઇલ ફોન જપ્ત કર્યો છે. સમગ્ર કૌભાંડ અંગે વધુ તપાસ ચાલુ છે.

પારડીથી નાનાપોંઢા હાઈવે પહોળો કરવાની કામગીરી દરમિયાન

ખેડૂતો, રહીશોને નુકસાન ન થાય તેની તકેદારી રાખવા રજૂઆત

વીજલાઈન, નહેરને નુકસાન ન થાય તે માટે જિલ્લા પંચાયતના શાસક પક્ષના નેતાએ કલેક્ટરને પત્ર લખ્યો

પારડીઃ પારડીથી નાનાપોંઢા જતો હાઈવેને જોડતો માર્ગ બનાવવા સરવેની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ રોડ પહોળો કરવાની કામગીરી ચાલી રહી છે જે બાબતે જમીન સંપાદન થવાની કામગીરી પણ શરૂ કરી છે. જે બાબતે ખેડૂતોને તથા રહીશોને જે અગવડતા પડવાની છે તે બાબતે કોઈને નુકસાન ન થાય તે માટે યોગ્ય નિર્ણય જાહેર હિત માટે લેવાય તે માટે વલસાડ જિલ્લા પંચાયત શાસક પક્ષના નેતા મુકેશ પટેલે લેખિત જાણ કલેક્ટરને કરી હતી. તેઓએ જણાવ્યું કે પંચલાઈથી ઉમરસાડી સુધીની મુખ્ય નહેરમાંથી આખું વર્ષ ખેડૂતો તેમજ પારડીના રહીશો તેમજ કંપનીઓ નહેરના પાણીનો ઉપયોગ કરે છે. જે નહેર ખેડૂતોની જીવાદોરી છે. આ નેશનલ હાઈવે પહોળો થવાથી આ નહેર રસ્તાની નજીકમાં આવેલી હોય નહેરને કોઈ નુકસાન ન થાય એ રીતે રસ્તાની કામગીરી કરવી જોઈએ. ઉપરાંત પાઈપોને નુકસાન ન થાય તથા બાલદાથી કુંભારીયા સુધી અંડર ગ્રાઉન્ડ નાંખવામાં આવેલી વીજ લાઈનને નુકસાની ન થાય તેની તકેદારી રાખવા અપીલ કરી હતી.

જાહેર નોટીશનો વળતો જવાબ

જત હમારા અસીલશ્રી ગિરીશભાઈ પરભુભાઈ પટેલ, રહેવાસી - સર્વોદયનગર સોસાયટી, જમાલપોર, નવસારી, તા. જી. નવસારીનાની સુચના અને ફરમાઈશ અનુસાર જાહેર નોટીશનો જાહેર જવાબ આપી જણાવવાનું કે,

તા. ૨૬-૧૨-૨૫ ના દૈનિક પેપર ગુજરાત મિત્રના પાના નં. ૧૧ ઉપર પિયુષ પી. રાઠોડ (એડવોકેટ) નાઓ દ્વારા ખરીદ કરવા અંગેની જાહેર નોટીશ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેમાં વેચાણ નવસારી જીલ્લાના નવસારી શહેર તાલુકાના મોજેઃ જમાલપોર ખાતા નં. ૯૩૮, બ્લોક/સર્વે નં. ૭૬ પૈકી પ્લોટ નં. ૮, ક્ષેત્રફળ ૦-૭૬-૯૧ હે.આરે.ચો.મી. આકાર રૂા. ૩૦.૦૨ પૈસા વાળી ખેતીની જમીન અનિલકુમાર રમણલાલ રાંદેરવાલા, મહેશ રમણલાલ રાંદેરવાલા, યોગેશકુમાર દલસુખભાઈ રાંદેરવાલા, હેમંતકુમાર દલસુખભાઈ રાંદેરવાલાનાઓની સંયુક્ત માલીકીની જણાવી એક શ્રી રવિકુમાર જીતેન્દ્રકુમાર તેજુરાના ઓને વેચાણ આપવા બાબતે જાહેર નોટીશ આપવામાં આવેલ છે.

જે બાબતે હમારા અસીલશ્રી ગિરીશભાઈ પરભુભાઈ પટેલનાઓ સાથે સદર જમીન બાબતે ભુતકાળમાં તકરાર ચાલી આવેલ હતી. જે બાબતે નવસારી ટાઉન પોલીસ સ્ટેશનમાં એક ફરીયાદ આપવામાં આવેલ હતી. જે ફરીયાદના સમાધાન થતા સમાધાન લેખ તૈયાર કરી નોટરી કરાવેલ છે. જે સમાધાન લેખમાં જણાવ્યા મુજબ સદર બ્લોક/સર્વે નંબર વાળી જમીન વેચાણ કરતા સમયે બજાર કીંમતના ત્રણ સરખા હિસ્સા કરવાના રહેશે અને એ શરત મુજબ વેચાણ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. પરંતુ સદર સમાધાનમાં જણાવ્યા મુજબની શરતોનું પાલન કરવામાં આવેલ નથી તેમજ હમારા અસીલની જાણ બહાર સદર જમીનનો સોદો કરવામાં આવેલ છે. જેથી હમારા અસીલને સદર સોદા બાબતે વાંધો વિરોધ છે અને જો સદર સોદો હમારી જાણ બહાર પરીપુર્ણ કરવામાં આવશે તો તમામ લાગતા-વળગતા લોકો સામે ફોજદારી રાહે, સીવીલ રાહે, રેવન્યુ કોર્ટ દ્વારા કાયદાકીય રીતે પગલાં લેવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

નવસારી,
તા. ૦૩-૦૧-૨૦૨૬ અસીલની સહી

અસીલ મજકુરની સુચનાથી,
રાકેશ ડી. પટેલ (એડવોકેટ)

ઓ.: એસ.એફ.-૩૦, સીટીસ્કવેર, ડી.એસ.પી. ઓફીસની સામે, લુન્સીકુઈ, તા.જી. નવસારી. મો: 9974119712